મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૩૯ ટકા

ગાંધીનગર તાપમાન

# હેપ્પી ફાધર્સ ડે : પિતૃ દેવો ભવઃ ।

## દેવકી-યશોદાના કાર્યની પ્રશંસા અવશ્ય કરીએ પણ નદીના પુરમાંથી મધરાતે માથા પર બાળકને સુરક્ષિત પણે લઈ જનારા વાસુદેવને પણ મહત્વ આપીએ

ગાંધીનગર, તા.૧૮

માતા એ ઘરનું માંગલ્ય હોય છે, તો પિતા એ ઘરનું અસ્તિત્વ હોય છે પણ ઘરના આ અસ્તિત્વને આપણે ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો ??? પિતાનું મહત્વ હોવા છતાં પણ તેના વિષે વધુ લખવામાં નથી આવતું કે નથી બોલવામાં આવતું. લેખકો-કવિઓએ પણ માતાના ખુબ વખાણ કર્યાં છે. સારી વસ્તુને માતાની જ ઉપમા આપવામાં આવે છે. પણ ક્યાય પિતા વિષે બોલાતું નથી. રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ? બધાની સામે મોકળા મને માતા રડી શકે છે પણ રાત્રે તકીયામાં મોઢું છુપાવીને ડુસકા ભરે છે તે પિતા હોય છે. માતા રડે છે પણ પિતાને તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણાં પિતા રડી શકતા નથી, કારણ કે નાના ભાઈ-બહેનોને સાચવવાના હોય છે, પોતાની માતા મૃત્યુ પામે તો પણ પિતા રડી શકતા નથી. કારણ કે, બહેનને આધાર આપવાનો હોય છે. પત્ની અડધે રસ્તે સાથ છોડીને જતી રહે તો બાળકોના આંસુ લૂછવાનું કામ પણ પિતા એજ કરવાનું હોય છે.

દેવકી-યશોદાના કાર્યની પ્રશંસા અવશ્ય કરીએ પણ નદીના પુરમાંથી મધરાતે માથા ઉપર બાળકને સુરક્ષિત પણે લઈ જનારા વાસુદેવને પણ મહત્વ આપીએ. રામ એ કૌશલ્યાના પુત્ર અવશ્ય છે પણ પુત્ર વિયોગથી તરફડીને મૃત્યુ પામ્યા તે પિતા દશરથ હતા. પિતાના ઠેક-ઠેકાણે સંધાયેલા જોડા જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે. તેમનું ફાટેલું ગંજી જોઈએ તો સમજાય કે, 'આપણાં નસીબના કાણા તેના ગંજીમાં પડ્યા છે '.

સંતાનો ૧૦૦/૨૦૦ રૂપિયા પાર્લર કે સલુનમાં જઈને બીલ કરશે પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાશ થઈ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે. પિતા માંદા પડે ત્યારે તરત જ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી.

પણ જો ડોક્ટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે તો શું કરવું તેનો ડર લાગે છે, કારણ કે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈપણ સાધન હોતું નથી.

તેમના પ્રત્યેનું ઋણ ચુકવવા આપણે તેમને પગે લાગીએ અને એમના આશીર્વાદ મેળવીએ અને, આપણા જ સંસ્કાર, ધર્મ, નાત-જાતના ભેદભાવ વગર આપણી પછીની પેઢીને પણ આપીને યથા-શક્તિ પિતૃ તર્પણ કરીએ.

ફાધર્સ ડે નિમિતે ગાંધીનગર સમાચારમાં આપણાં શહેરનાં સ્નેહીજનો એ પોતાના પ્રતિભાવો રજુ કર્યા છે

જો તમે એક પિતા હો તો તેનું ગૌરવ સમજજો! પિતૃ દેવો ભવઃ ।

**સંકલન : સુસ્મિતા ડામોર**

●●●



પ્રેમ અને પુરુષાર્થનું પ્રતિક એટલે પિતા. માતા ધરતી છે તેથી એનો ખોળો ખુંદી શકાય છે, એને હેતથી સ્પર્શી શકાય છે. જયારે પિતા એ આકાશ છે- તેની છત્રછાયા સર્વત્ર મહેસુસ થાય પણ એની ક્ષિતિજ સુધી કદી દોડીને એને આંબી ન શકાય. સંતાનના જીવનને ઉજ્વળતાના સોપાનો પર લઈ જવા પ્રેરીત કરે તે પિતા. સંતાનના પૃથ્વી પરના આગમનને બિરદાવતા તે પિતા. મારુ સંતાન,મારું બાળકનુ ગૌરવ અનુભવે તે પિતા. જન્મ બાદ જીવનના સોપાનો પર આંગળી પકડી ચલાવે તે પિતા. જીવનની વિટંમણાઓમાં પાર થવાના દ્વાર બતાવે તે પિતા. પુત્રને જીવનની પરીક્ષામાં સફળતાના એંધાણ કરાવે તે પિતા. પુત્રીના જીવનની સુવાસ સર્વ રીતે સુલભ બનાવે તે પિતા. પિતાપુત્ર અને પુત્રી પિતાના સંબંધથી સંતાનોના જીવનને ઉજ્વળ બનાવે તે પિતા. સંતાનોને લાગણી અને ઉચ્ચ જીવન માટે કષ્ટ સહન કરવાની પ્રેરણા આપે તે પિતા.

**- પ્રેમલસિંહ ગોલ**

●●●

પિતાને
તમે પિતા
કદી માથે હાથ મૂકયો હોય
એવું મને તો યાદ નથી.
તમારી આંગળી પકડી
રસ્તો ઓળંગ્યો હોય એવુંય યાદ નથી.
તમે પાસે બેસી કદી
એકડો ઘૂટાવ્યો હોય એવું ય મારા ધ્યાનમાં નથી.
છતાં તમે મારા પિતા!
પણ આવું બધું કરે
એને જ પિતા કહેવાય?
જે માથે હાથ ન મૂકે પણ
તમારી ચિંતામાં એને માથે કરચલી
જરૂર પડતી હોય
જેને ભલે આંગળી ન પકડાવી હોય
પણ આંગળી ચીંધી જરૂર હોય
જેને ભલે એકડો ન ઘૂંટાવ્યો હોય
પણ તમેએખડા વિનાના મીંડા ન બની રહો
એની કાળજી અવશ્ય લીધી હોય
બીજા પિતા જેવું ભલે તમે કશું ન કર્યું હોય
પણ એથી જ તો તમે અલગ છો



**- ધ્વનિલ પારેખ**

●●●

ફુલો સે પ્યારે મેરે પાપા




ક્લિયો સે ન્યારે મેરે પાપા
ધરતી સે ગહેરે મેરે પાપા
અંતર સે ઊંચા મેરે પાપા
મેરે લીયે મેરે પરમાત્મા મેરે પાપા

પિતા લિમડાના પાંદડા જેવા હોય છે. ભલે ને તે કડવાં હોય પણ છાંયો હંમેશા ઠંડો જ હોય છે. સ્વભાવે કડક હોય પણ છોકરાં માટે હ્રદય નરમ જ હોય છે. પિતા એક વટવૃક્ષ છે. જેમની શીતળ છાયામાં સંપૂર્ણ પરિવાર સુખેથી રહે છે.

**- રાજેન્દ્ર પારેખ**
**(ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ, મહામંત્રી)**

●●●



માતા વિશે લખવાનું આવે તો ઘણું બધું લખાય પણ પિતા વિશે લખવાનું આવે તો... પિતા એટલે શું ? પિતા એટલે કઠોરતા પાછળ છુપાયેલ મૃદુ હદય પુરુષ, પરિવારના સુખ માટે સતત ચિંતિત પુરુષ. પરિવારમાં સ્મિત વ્હેચતો વેદના પુરુષ. ક્યારેય પાંપણની પાળ ઓળંગી એનાં આંસુઓને આંખની બહાર ના આવવા દે અને છતાં પણ પરિવારનાં આંસુ એના માટે કિંમતી હોય. પોતાના પરિવાર માટે ઈચ્છાઓને મારતો પુરુષ. દિકરા- દિકરીને આંગળી પકડી ચાલતાં શિખવતાં ક્યારે પણ એનાં મનમાં અપેક્ષા જાગતી નથી કે કાલે આ બાળક મારો હાથ પકડી મારો સહારો બનશે. પિતૃદિવસની સૌને શુભેચ્છા સહ....

**- નિરંજન શાહ "નીર"**
**(જૈન સમાજનાં અગ્રણી અને ગાંધીનગરના ગઝલકાર)**

●●●



પિતાના મહત્વની અવગણના કરી શકાતી નથી. ૧૦મા ધોરણમાં હતો ને પિતાને ગુમાવ્યા જાણે મારા જીવન નો એક સુપરહીરો ગુમાવ્યો. એવો હીરો કે જે પોતાના બાળકો માટે રોજિંદી મુશ્કેલીઓનો સામનો કરવા હંમેશા તૈયાર રહે છે. પિતાનું મહત્વ શબ્દોની બહાર છે કારણ કે તે એવા વ્યક્તિ છે જે પોતાના પરિવારની જરૂરિયાતો પૂરી કરવા માટે અથાક મહેનત કરે છે. આવા તમામ પિતા અને પિતાના યોગદાનને માન આપવા અને પિતૃ સંબંધની ઉજવણી કરવા માટે, દર વર્ષે ફાધર્સ ડે તરીકે એક ખાસ દિવસ મનાવવામાં આવે છે.

**- મંથન ભટ્ટ**

●●●

આ ખાસ દિવસ આપણા સૌનું પાલન પોષણ દેખભાળ ઉછેરીને ભણાવી મોટા કરી કોઈ પણ મુશ્કેલ પરિસ્થિતિમાં તેમની છત્રછાયા હેઠળ આપણે સુરક્ષા અનુભવીએ છીએ ડગલે ને પગલે પપ્પા ઢાલ બની ને આપણી સાથે ઊભા રહેશે જોકે પપ્પાનો સ્વભાવ ભલે કડક હોય પણ તેમનું હદય એકદમ નરમ હોય છે પિતા આપણા દરેકના જીવનની એવી મહત્વની વ્યક્તિ છે સતત આપણા ભવિષ્ય માટે પોતાના અનુભવો અને ઉચ્ચ મૂલ્યોનું આપણને માર્ગદર્શન આપે છે માતા જેટલું જ વહાલ અને લાગણી પિતાના હૈયામાં હોય છે દિકરાની તમામ લાગણી ઓ સમજનાર દુનિયામાં પિતા છે એટલે આ દિવસનું અતિ મહત્વ છે હિમત હાર્યા વગર એકલા હાથે લડતા હોય છે તેવા ભગવાન સ્વરૂપ પિતા ને કયારેય ભુલવા ન જોઈએ આ ખાસ ફાધર્સ ડે તરીકે ઉજવી તેમના ચરણોમાં લાખ લાખ વંદન કરીએ.



**- કેશરીસિહ બિહોલા,પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ**

●●●

ક્યોના થોડા સા અલગ બને
ખુશ રહેને કી સલાહ નાં દેકર
ખુશ રહેને કી વજહ બને

૨૦૧૬ થી ૨૦૨૨ માં ૧૮૩ દિવ્યાંગ બાળકોના જીવનમાં નવી ઊર્જા અને સાહસનું નિર્માણ કરી તેમને જરૂરિયાત પ્રમાણેની તાલીમ આપી સ્વમાન ભેર સમાજમાં પૂનઃ સ્થાપિત થાય એવા અથાગ પ્રયત્નો કરેલા છે. આજના સમયમાં ખરા પિતા તરીકેની ઓળખ પણ ગાંધીનગરના દિવ્યાંગ બાળકોના વાલીઓ દ્વારા મળી છે. આગામી સમયમાં ૦ થી ૬ વર્ષના બાળકોમાં વૈજ્ઞાનિક અને શિસ્તબધ્ધ થેરાપી સેન્ટર, ૬ થી ૧૮ વર્ષના બાળકો માટે લેવલ વાઈસ (NIOS) દ્વારા એજ્યુકેશન સેન્ટર તેમજ ૧૮ વર્ષથી મોટા દિવ્યાંગ બાળકો માટે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર બનાવાનો તેમનો સંકલ્પ છે.



**We cannot see disability, we see ability.**

**- ડો. ચિરાગ ઉપાધ્યાય**
**(વિશેષ એજ્યુકેશન સેન્ટર, ગાંધીનગર)**

●●●



શબ્દોમાં વર્ણવી શકું એમ નથી કે પિતા ને સૌથી વધુ પ્રેમ દીકરીઓ કરી શકે છે. મે મારી દિકરીઓથી કેટલું બધું સુખ ભોગવ્યું છે. બંને મારા માટે પરીઓ છે. એમના હાવ ભાવ,ધમાલ, મસ્તી એ મારી લાઈફમાં ખુશીઓ ભરી દીધી છે.

**- જીગર ત્રિવેદી**

●●●

પિતા એટલે લાગણી નો દરિયો. જે હૈયામાં ભરી રાખે છે અને દિકરી/ દિકરાની માગણી પોતે દુઃખ વેઠી સંતોષે છે. સાત જન્મમાં તેમના ઋણ કે ઉપકારનો બદલો વાળવા અસમર્થ છીએ. સંતાનોની તમામ ઈચ્છા પરિપૂર્ણ કરવા જીવનમાં અથાગ સંઘર્ષ કરે છે તેનું નામ પિતા. તકલીફ હશે તો હ્રદયમાં રડી લેશે.આખો ભીંજવે નહીં એ પિતા હોય છે? સાચા અર્થમાં પિતા એ પરમેશ્વર અને માતા પરમેશ્વરી છે. અનેક તકલીફ હોવા છતાં તેમના મુખારવિંદ પર ગ્લાનિની એકપણ લકીર ન હોય એ પિતા ને આજે કોટિ કોટિ વંદન.



**- ચંદ્રકાંત સોની, (પ્રમુખ સે.૬ વસાહત મંડળ)**

●●●



કુટુંબમાં પિતા એ એક એવું પાત્ર છે તે ન હોય તો કુટુંબમાંથી સુખ શાંતિ જતી રહે છે. પિતા કુટુંબના દરેક સભ્યોની જરૂરિયાત પુરી કરવામાં પોતે જ પોતાના સુખ જતા કરતા હોય છે. પિતાને દુઃખ થાય ત્યારે તે એકલા રડીને ઓશીકાને ભીંજવી દે છે. પરંતુ દરેક સભ્યને સુખી જોવા ઈચ્છતી વ્યકિત એટલે પિતા. દરેક દિકરી પોતાના પિતાને રોલ મોડલ માને છે કે ભવિષ્યમાં તેના પતિમાં પણ પિતા જેવા સદગુણો હોય જેથી પોતે સુખી રહી શકે. પિતા એ ઘર માટે વટવૃક્ષ છે. જેની છાંયામાં કુટુંબ સુખ શાંતિ અનુભવે છે.

**- દેવચંદભાઈ પટેલ**

●●●

પરિવારમાં ફાધર પરિવાર માટે પાલન પોષણ કરનારા રોલ મોડેલ માઈલ સ્ટોન તો છે જ તદઉપરાંત પોતાના દુઃખો છુપાવી કામના બોજ તળે દબાઈને પણ પરિવાર માટે ધૈર્યસભર જીવી જાણે છે. પરિવાર માટે એ સુપર મેન પણ છે. બાળકો માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરે છે. પરિવારની મુશ્કેલીઓમાં ઢાલ બનીને ઘાવ ઝીલે છે અને હંમેશા પોતાના ચહેરા પર સ્મિત અને આનંદ લહેરાવ્યા કરે છે. માતા જન્મ આપે છે પિતા પાલન કરે છે. વંદન છે સૌ પિતાશ્રીઓને.



**- મનસુખલાલ સી. કાશીપરા**

●●●



કોઈ પણ વ્યક્તિ માટે પિતા બનવું સહજ છે, પરંતુ પિતાની ભૂમિકા અદા કરવી તે અસહજ છે...!! પિતા બન્યા પછી બાળકો નું ભવિષ્ય વ્યક્તિ ના ખભા ઉપર આવી જાય છે. આજ થી વીસ વર્ષ પહેલાં મે છત્રાલ જી.આઈ.ડી.સી માં ભાગીદારી થી ધંધોનું સાહસ કર્યું હતું, માયા મૂડી, લોન, ઉછી ના કરી માંડ માંડ ગાડું ગબડાવવા પ્રયત્ન કર્યો હતો..!! લક્ષ એકજ હતું કે મેં જે વેઠ્યું તે મારા બાળકો ને વેઠવું ના પડે ..!! બાળકો ના અભ્યાસ ના પરિણામો આવ્યા ત્યારે અભિનંદન ની વર્ષા એક પિતા ઉપર થઈ છે તે જીવનનો નફો છે.

**- કલ્પેશ શર્મા**

●●●



એક એવું વ્યક્તિત્વ, જેનું 'સ્વ' નું અસ્તિત્વ પૂરું થાય છે, જ્યારે સમાજ માં તે 'પિતા' તરીકે ઓળખાય છે.

પોતાની નોકરી કે ધંધામાં કરવો પડતો ઓવર ટાઈમ, બોસ કે ઘરાકો સાથે કરવી પડતી માથાકૂટ, બેંક બેલેન્સ વધારવા કરવી પડતી આકરી મહેનત, ભવિષ્ય સારું બનાવવા વર્તમાનમાં લેવો પડતો સ્ટ્રેસ......કદાચ આ જ એક પિતાની, એમના બાળકો પ્રત્યેનો પ્રેમ, લાગણી કરતી કર્મની પરિભાષા છે.

**- રાજવીરસિંહ ચાવડા**

●●●

પિતા વિશે જેટલું કહેવામાં આવે તેટલું ઓછું છે જ્યારે પિતા પરિવારના મહત્વપૂર્ણ સભ્યોમાં દરેક સભ્યો ગણવામાં આવે છે. પિતાએ પોતાના સુખનો ભોગ આપીને પોતાના બાળકો તેમજ તેમના પરિવારની સુખની કાળજી લે છે. પિતાએ પોતાના બાળકોને પ્રેમ કરે છે અને તે જોવો તેવું ખોટું કામ કરે તો તેમને ઠપકો પણ આપ્યો છે તે બાળકોને તેમના સારા ભવિષ્ય અને ખુશી માટે સખત મહેનત કરવામાં ક્યારેય અચકાતા નથી તેથી પિતાના સન્માન માટે દર વર્ષે ફાધર્સ ડે ની ઉજવણી થાય છે.



**- મહેન્દ્રભાઈ પટેલ (દાસ)**

●●●

સપના તો મારા હતા પણ એને દીશા આપનાર મારા પિતા હતા.



આપણા જીવનમાં આપણને પોતાના થી પણ વધારે સફળ થતા જોઈને જો કોઈને હરખ થાય તો એ માત્ર આપણા પિતાજીને. વડલાની જેમ તાપ સહન કરીને પરિવારને છાંયડો આપતુ પાત્ર એટલે પિતા.

મગજ માં આખી દુનિયાનુ ટેન્શન અને ચિત્તમાં ફક્ત સંતાનોની ચિંતા લઈ ને સફર કરતુ વ્યક્તિત્વ એટલે પિતા. કાશ એ દિવસ ફરીથી આવે કે પિતાજીની આંગળી પકડી દુનિયાના રાજા થઈને ફરી શકાય.

**- ભરતકુમાર ચૌધરી**

●●●

ખુદ માટે ખાલીખમ અને પરિવાર માટે છલોછલ છે, પપ્પા.

સૂરજનો તાપ છે અને ભીતરનું અજવાળું છે. પરિશ્રમ અને પડકારોનો સામનો કર્યો છે, તે પિતાજી, બાપુજી, પપ્પાજી...બહારથી વજ્ર સમાન



અને અંદરથી કોમળ. બધાના દુઃખ પોતાને માથે ઓઢી લે અને પોતાનું દુઃખ જાહેરમાં પ્રદર્શિત કરવાને બદલે અંધારી રાતના ખૂણે ખાનગીમાં એકલતાનો લાભ લઈને તકિયાને ભીંજવતો આ બાપ કદી કુટુંબ ને પોતાની પીડા નો અણસાર સુધ્ધા આવવા દેતા નથી. જે સંતાનોને પોતાની આંખથી વિશ્વ દર્શન કરાવે છે, તે સંતાન પાંખ આવતા તેના પિતાના ઉત્તરાર્ધમાં જો કામમાં ના આવી શકે તો તે નાલાયક ગણાય છે, તેમ છતાં આ બાપ કદી પોતાના સંતાનો ને બદદુઆ આપતો નથી. એના ભિતરમાંથી તો આશીર્વાદ નો જ અનરાધાર વરસાદ વરસતો હોય છે.

**- જયેશ પરીખ**
**ચેરમેન, રાહી ફાઉન્ડેશન**

●●●



પિતા સંવેદના, ભાવના અહેસાસ છે. કારણ દુનિયામાં મોટી સંપત્તિ પિતા છે. જયારે પિતા બાળકને ફરવા લઈ જાય છે ત્યારે એ બાળકની નજર રમકડાં પર જાય છે ત્યારે પિતા એની માંગ પુરી કરે છે. પિતા સાધના, ત્યાગ, તપસ્યા, દુવાનો ખજાનો છે. પિતા ચાર ધામ છે. દુનિયામાં પિતા સિવાય કોઈ પર્યાય નથી.

**- વિઠ્ઠલભાઈ જે. પરમાર**

●●●

મારા પિતાની જીવન સંઘર્ષની કહાની.

મારા ફાધર એક મહેનતુ ઈમામદાર નીતીમત્તાવાળા છે. જેમના જીવનમાં તેમણે ઘણા સંઘર્ષ કરેલ છે. મારા પિતા એક ધંધાદારી છે. ગાંધીનગરમાં તેમનું નામ ૧૫ વર્ષ સુધી રહ્યું છે એજ એમની મહેનતના કારણે આજે તેમનો બિઝનેસ છેલ્લા ૩૮ વર્ષથી એક ધારો ચાલે છે. પેઈન્ટ શકિત ગાંધીનગરના ૧૭/૨૨માં એક જ જગ્યાએ વર્ષોથી ચાલે છે. તેમની મહેનત, તેમની ઈમાનદારીના કારણે તેમણે તેમના જીવનમાં શૂન્યમાંથી સર્જન કરેલ છે. સાઈકલ લઈને અમદાવાદથી મહેસાણા અનેક સ્થળોએ કામકાજ કરેલ છે. એક સમયો હતો કે સ્કૂલની ફી ભરવા માટે પૈસા ન હતા તો તેમણે ભણવાનું છોડી દીધું હતું રાત દિવસ એક કરીને ભણાવ્યા કોઈ તકલીફ પડવા દીધી નથી. એમણે તકલીફ વેઠીને અમને સારું જીવન આપ્યું છે.



**- ગણપતભાઈ રામદાસ પ્રજાપતિ**

●●●



આદરણીય પ્રધાન સેવક નરેન્દ્રભાઈ મોદી દ્વારા પોતાની માતાના શતાયુ જન્મદિને મા ના ચરણોમાં બેસી ને પગ પખાળી પવિત્ર જળને માથે ચઢાવી પ્રેરણારુપ ઉદાહરણ પુરું પાડ્યું છે તે રીતે જો ફાધર્સ ડે ના દિવસે જે પુત્રોના પિતાશ્રી હયાત છે તેઓએ પિતાશ્રી ના ચરણોમાં બેસી આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નું અનુકરણ કરીને પિતાશ્રીના પગ પખાળી પવિત્ર જળને માથે ચડાવવામાં આવે તો મને લાગે છે કે સાચા અર્થમાં ફાધર્સ ડે ની ઉજવણી થશે અને પિતાશ્રીના હ્રદયથી આશિર્વાદ પ્રાપ્ત થશે.

**- દિનેશભાઇ વ્યાસ, માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ, માણસા**

●●●

સમગ્ર બ્રહ્માંડ તેજોમય અને ઉર્જાવાન બનાવતાં તેજસ્વી સૂર્યનું વર્ણન કરવું એટલું સરળ નથી હોતું. તે જ પ્રમાણે આપણાં વિચાર, જીવન અને વ્યહવારમાં જેમની હાજરી જાણ્યે કે અજાણ્યે સતત પ્રગટ થતી હોય તેવા વ્યક્તિત્વ વિશે થોડા શબ્દોમાં લખવું કદાચ શક્ય જ ન બની શકે. પિતા એક એવું વ્યક્તિત્વ હોય છે જેમના સંઘર્ષો, બલિદાનો અને કાર્યો મૌન રહ્યા હોય અને તે તેમના સંતાનોની સફળતા અને શ્રેષ્ઠતામાં સતત ધબકતા હોય. તેમની જીંદગીના કેટકેટલાં વર્ષો ના અથાક અને અવિરત પરિશ્રમ થી ઘર અને કુટુંબ ના દરેક સભ્ય ના ચહેરા પર સ્મિત જળવાતું હોય છે.



**Let the world know your dad with the best you are blessed with..**

**- હિતેશ મકવાણા, ગાંધીનગર મેયર**

●●●

પપ્પા એટલે બુલેટપ્રુફ જેકેટ, પહેલી ગોળી પોતે ખાશે પણ સંતાનને બચાવી લેશે. પપ્પા એટલેટફન ગ્લાસ, મુશ્કેલીમાં પોતે તૂટી જશે પણ સંતાનને કંઈ નહીં થવા દે. પપ્પા એટલે ઘટાદાર વૃક્ષ, પોતે તડકામાં અડીખમ ઉભા રહી સંતાનને છાંયો આપશે. પપ્પા એટલે રેઈનકોટ, પોતે વરસાદમાં પલળશે પણ સંતાન ને નહીં પલળવા દે. પપ્પા એટલે પરિવાર નો મજબૂત આધાર સ્તંભ.



**- સુરેશકુમાર રત્નોત્તર**

●●●

મારે પુત્ર સંતાન તેમજ પુત્રી સંતાન પણ છે જેથી પિતા તરીકે છોકરા કરતાં છોકરીને વધારે મહત્વ આપું છું કારણ કે છોકરી પારકા ઘરની વસ્તી છે પરંતુ સ્ત્રી પુરુષ નો ભેદભાવ રાખ્યા વગર ઉછેર કરવામાં માનુ છુ સંતાનોને સંપત્તિ સાથે સંસ્કાર નહિ આપો તો બંન્ને ગુમાવવા પડશે આથી શિક્ષણ સાથે સંસ્કાર આપવા પ્રયત્ન કરેલ છે આર્થિક મુશ્કેલીને કારણે લકઝરીઅસ મકાન કે સુખ સગવડ આપી શક્યો નથી પરંતુ અગવડો વચ્ચે પણ પરિસ્થિતિને અનુકૂળ થઈ જીવ્યો છું અને સંતાનોને તે મુજબ જીવવાની તાલીમ આપી છે સુખમાં છકી ના જવું અને મુશ્કેલીમાં ડગી ના જવું તેવું જીવન જીવી બાળકોને ઉદાહરણ પુરૂ પાડયું છે.



**- હસમુખ નાયક**

●●●

પિતા એટલે કોણ? સીધી સાદી ભાષામાં કહીએ તો કોઈ પણ પરિસ્થિતિમાં તેમની છત્ર છાયામાં આપણે આપણી જાતને સુરક્ષિત અનુભવીએ અને ડગલે ને પગલે ઢાલ બનીને ઊભા રહે તેવી અડીખમ વ્યક્તિ. સ્વભાવે કડક હોય પણ હદયથી નરમ. બાળકોના જીવનના ઘડતરમાં પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર અને તેમના ઉજ્વળ ભવિષ્ય માટે પોતાના સ્વઅનુભવો અને ઉચ્ચત્તમ મૂલ્યોનું માર્ગદર્શન આપનાર વ્યક્તિ.



**- મહેશ પટેલ**

●●●



જો માં (બા) બાળકને પૂર્ણ પ્રેમ કરે છે તો બાપા એ માત્ર પા ભાગની બા હોવાથી પોતે કડક રહી બાળકને જીવનમાં પડકારો ઝીલવા ઘડે છે. દરેકનાં જીવનમાં પિતા પોતે તપે અને બાળકને મુશ્કેલ પ્રસંગે તપીને જીવન કેવી રીતે જીવવું તે શીખવે છે.

**- નરેશ ઝીંઝુવાડિયા**
**નિવૃત્ત નાયબ સચિવ**

●●●

પિતા સૂરજ જેવાં છે જે ગરમ જરુર થાય છે પણ તેમની ગેરહાજરી થી અંધારું છવાઈ જાય છે. કઠોરપણું દેખાડતા પિતા હંમેશા હ્રદયથી ખૂબજ કોમળ હોય છે. દરેક સંતાનો માટે તેઓના પિતા "best man of the world" હોય છે. સપનાં તો સંતાનો જોતાં હોય છે પણ તેને દિશા આપનાર પિતા હોય છે. પિતા હંમેશા એક સંત જેવાં હોય છે જે પોતાનું નહિ પણ સંતાનો માટે જ વિચારતાં હોય છે. પાઈ પાઈ ભેગી કરી સંતાનો માટે ખુશી ખરીદતા પિતાના સ્વરૂપમાં સર્જનહાર જોયા છે. સંતાનો સામે આવતી દરેક મુશ્કેલીને પિતાની પીઠ ઝીલી લે છે.



**- ડો.રાકેશ ભટ્ટ**
**સુપ્રિટેન્ડન્ટ ગવર્મેન્ટ આયુર્વેદિક હોસ્પિટલ કોલવડા**

●●●



આજરોજ ફાધર્સ ડે નિમિત્તે મારા પરિવાર વિશે જણાવીશ કે મારા પરિવારમાં બે પુત્રીઓ અને એક પુત્ર છે. જેમાં પુત્રીઓ કે જે મારી આંખો છે અને પુત્ર એ મારું નાક છે. જેના વિના જીવનની અધૂરપ છે. તે ખૂબ જ પ્રગતિ કરે અને તેઓ પોતાની ઓળખ તેમના નામથી મેળવે તેવો મારો પ્રયાસ રહ્યો છે.

**- અશ્વિન મોહનલાલ ગાંધી**

●●●

મારા પિતાએ પરિવાર માટે સુખ અને શાંતિ માટે દરરોજ પરસેવાની મહેનતથી જે પણ મૂડી મળે તે પરિવારની ખુશી માટે વાપરી છે. આમ સાદા શબ્દોમાં કહેવામાં આવે તો પિતા એ આપણા પરિવારનું એક મહત્વપૂર્ણ આધાર ગણી શકાય છે જે કોઈ પણ પ્રકારની સમસ્યા સામે લડવા તૈયાર રહે છે.



**- પ્રકાશ બી. મોદી**